# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 16-03-2025  Day: SUNDAY  MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર <u>નેહલ ઠક્કર</u> વાંચે છે.

---

## <u>અમિત શાહ: આસામ</u>

કેન્દ્ર સરકારે આસામમાં માળખાકીય ક્ષેત્રના વિકાસ માટે ૩ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમજ કેન્દ્ર સરકારે રાજ્યના તમામ ઉગ્રવાદીજૂથો સાથે મંત્રણાનો □ ભિગમ □ પનાવ્યો હોવાથી રાજ્યમાં શાંતિની પુનઃ સ્થાપના થઇ છે □ ને આસામ વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી □ મિત શાહે ગઇકાલે આસામના દેરગાવમાં □ દ્યતન લચિત બરફૂકન પોલીસ □ કાદમીનું ઉદ્દઘાટન □ ને પોલીસ □ કાદમી માટે ગૃહનિર્માણ યોજનાનો શિલાન્યાસ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

આજે □ મિત શાહ ઇશાન ભારતના રાજ્યોમાં નવા ફોજદારી ધારાઓના □ મલીકરણની સમીક્ષા માટે ગુવહાટી ખાતે યોજાનારી ખાસ બેઠકમાં ભાગ લેશે. આ બેઠકમાં ઇશાન ભારતના રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહેશે.

----------------------------------------------------------------------------------------

## <u>મનસુખ માંડવિયા: ફિટ ઇન્ડિયા ઉત્સવ</u>

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે ફિટ ઇન્ડિયા ઉત્સવનું ઉદ્ઘાટન કરશે. ત્રણ દિવસીય ફિટનેસ અને વેલનેસ ઉત્સવનો ઉદ્દેશ્ય ફિટ ઇન્ડિયા ચળવળને અનુરૂપ વધુ સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી અને સ્થૂળતા મુક્ત રાષ્ટ્રને પ્રોત્સાહન આપવાનો છે. આ સમયગાળા દરમિયાન, દોરડા કૂદવા, ક્રિકેટ બોલિંગ, સ્ટેશનરી સાયકલિંગ અને ક્લો ફાઇટિંગ જેવી રમતોનું આયોજન કરવામાં આવશે  આ સમારોહમાં આગામી ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સના લોગો અને ગીતનું પણ અનાવરણ કરવામાં આવશે. ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ આ મહિનાની 20મી તારીખથી રાષ્ટ્રીય રાજધાનીમાં શરૂ થશે.

----------------------------------------------------------------------------------------

## <u>પ્રહલાદ જોશી</u>

કેન્દ્ર સરકારે ગ્રાહકોને વધુ □ ધિકાર સંપન્ન બનાવવા માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થામાં સુધારો કરીને તેને વધુ □ સરકારક બનાવી છે. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ ગઇકાલે વિશ્વ ગ્રાહક □ ધિકાર દિવસ નિમિત્તે યોજાયેલા વેબીનારને વિડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ઇ-કોમર્સ ક્ષેત્રે □ યોગ્ય વેપાર પદ્ધતિઓ સામે ગ્રાહકોને પૂરતું રક્ષણ આપવા માટે સરકારે ઇ-કોમર્સ ગ્રાહક સુરક્ષા ધારામાં કરેલા સુધારાઓ ઉપયોગી થયા છે. આ સુધારા મુજબ ફરિયાદ નિવારણની પ્રક્રિયા એક તબક્કામાં થતી હોવાથી ગ્રાહકો વધુ □ ધિકાર સંપન્ન બન્યા છે.

----------------------------------------------------------------------------------------

## હિંગોરજા વાંઢ તળાવ: બાળકો ડૂબ્યા

અંજાર તાલુકાના ધમળકા  ને ભવાનીપુર વચ્ચે આવેલા હિંગોરજા વાંઢના તળાવમાં પાંચ બાળકો ન્હાવા જતાં ડૂબી ગયા હતા. જેથી ફાયર વિભાગની ટીમ  ને તરવૈયાઓએ શોધખોળ હાથ ધરી હતી. આ દરમિયાન **4** બાળકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યાં હતા. આ ઘટનાના પગલે દુધઈ પોલીસ સ્ટાફ અને અંજાર વહીવટી તંત્રના અધિકારીઓ, **108** એમ્બ્યુલન્સ અને ફાયર ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. **5** થી **13** વર્ષની ઉંમરના બાળકોના મૃતદેહને બહાર ખસેડી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યાં હતા. **4** બાળકોના મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

---------------------------------------------------------------------------------

## પંડ્યા રજનીકુમારનું નિધન:

ગુજરાતી પત્રકાર, વાર્તાકાર, નવલકથાકાર અને ચરિત્રનિબંધોના લેખક પંડ્યા રજનીકુમારનું **86** વર્ષની ઉંમરે નિધન થયું છે. ગ્રામપત્રકારત્વ માટે તેમને રાજ્ય સરકારનો ઍવૉર્ડ તથા સ્ટેટ્સમૅન ઍવૉર્ડ તથા ટૂંકી વાર્તાના ક્ષેત્રે સરોજ પાઠક ઍવૉર્ડ અને ધૂમકેતુ ઍવૉર્ડ એનાયત કરાયા છે. **2003**ના વર્ષનો કુમાર સુવર્ણચંદ્રક એમને પ્રદાન થયો હતો. તેમને ગુજરાતી સાહિત્ય અકાદમીનાં પાંચ એવોર્ડ, ગુજરાતી સાહિત્ય પરિષદનાં ઍવૉર્ડ, પત્રકારિત્વમાં ગુજરાત સરકારનો ઉત્તમ ઍવૉર્ડ, હરિ ઓમ આશ્રમ ઍવૉર્ડ, કલકતાનાં સ્ટેટ્સમેન અખબારનો રાષ્ટ્રીય કક્ષાનો ઍવૉર્ડ, દૈનિક અખબાર સંઘ ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે.

---------------------------------------------------------------------------------

## ભચાઉ- ભૂકંપનો આંચકો:

ભચાઉના ચોબારી નજીક રાત્રીના 12 અને 4 મિનિટે ભુકંપનો આંચકો નોંધાયો હતો. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ અનુસાર ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી 26કિલોમીટર દૂર ચોબારી ગામ પાસે તિવ્રતા 3.4 રિક્ટર સ્કેલ નોંધાઈ હતી. નોંધનીય છે કે કચ્છમાં 6 ફોલ્ટલાઇન એક્ટિવ છે જેથી તેમાં આવતા ફેરફારથી ભૂકંપના આંચકા અનુભવાય છે.

---------------------------------------------------------------------------------

## મહિલા પ્રીમિયર લીગ:

**મહિલા પ્રીમિયર લીગ મેચ ના અંતિમ જંગ માં ભારે રસાકસી પછી મુંબઈ ઇન્ડિયન્સ ટીમે દિલ્હી કેપિટલ ની ટીમ ને આઠ રન થી હરાવી ખિતાબ જીતી લીધો હતો.મુંબઈ નાં બ્રેબોર્ન સ્ટેડિયમ પર નાં અંતિમ જંગ માં મુંબઈ ની ટીમે 7 વિકેટ નાં ભોગે 149 રન કર્યા હતા સુકાની હરમન પ્રીત કૌરે સૌથી વધુ 66 રન કર્યા હતા જવાબ માં દિલ્હીની ટીમ 9 વિકેટ ગુમાવી 141 રન કરી શકી હતી.**

---------------------------------------------------------------------------------

## હવામાન:

રવિવાર, ૧૬ માર્ચ 2025 RNU ભુજ

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ જોવા મળશે. આગામી પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા નહીં મળે અને તેમાં ઘટતો દર જોવા મળશે.

છેલ્લા 24 કલાકમાં ભુજમાં મહત્તમ તાપમાન 36.7 ડિગ્રી અને નલિયામાં 34.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો ભુજમાં 21.5 ડિગ્રી અને નલિયામાં 17.8 ડિગ્રી નોંધાયું છે.

---